# આકાશવાણી –ભુજ

## સમાચાર વાચક: વિરલ રાણા

## કમ્પ્યુટરરાઈઝ: મીત ગોર

**તારીખ :૨૯-૦૯-૨૦૨૪** **સમય: સાંજે:૬:૨૫**

## મન કી બાત

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે “મન કી બાત” કાર્યક્રમની 114મી કડીમાં વૃક્ષારોપણના મહાઅભિયાન “એક પેડ માં કે નામ”માં દેશવાસીઓને જોડાવવા માટે પ્રોત્સાહિત કર્યા હતા. શ્રી મોદીએ કહ્યું, ‘આ અભિયાન થકી સમાજને આશ્ચર્યચકિત કરી દેનારા પરિણામ મળ્યા છે, જે ઘણા જ પ્રેરણાદાયી છે.’

વૃક્ષારોપણ અંગે ગુજરાતે બનાવેલા વિક્રમનો ઉલ્લેખ પણ પ્રધાનમંત્રીએ આ કાર્યક્રમમાં કર્યો હતો.

(બાઈટ : પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી )

બીજી ઓક્ટોબરે સ્વચ્છ ભારત મિશનને 10 વર્ષ પૂર્ણ થઈ રહ્યા છે. આ મિશનને સફળ ગણાવતા શ્રી મોદીએ જણાવ્યું કે, ‘વેસ્ટ ટુ વેલ્થ’ મંત્ર લોકપ્રિય બની રહ્યો છે.

પ્રધાનમંત્રીએ તેમના સંબોધનનાં પ્રારંભમાં જણાવ્યું કે, આ કાર્યક્રમ 10 વર્ષ પૂર્ણ કરી રહ્યો હોવાથી તેમનાં માટે આ હપ્તો ભાવુક કરનારો છે. 10 વર્ષ પહેલાં ત્રીજી ઓક્ટોબરે વિજયાદશમીનાં રોજ મન કી બાતનો પ્રારંભ થયો હતો.

(બાઈટ : પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી )

તેમણે આકાશવાણી, દૂરદર્શન અને પ્રસારભારતી સાથે સંકળાયેલા કર્મચારીઓની પ્રંશસા કરી હતી.

- **આકાશવાણી ભુજ પરથી મન કી બાત ને આવરી લેતું કચ્છી બુલેટીન સાંજે ૦૭ વાગ્યે પાંચ મિનિટે પ્રસારિત થશે.**

## ગરબા આયોજક

રાજ્ય સરકારે નવરાત્રિ મહોત્સવ દરમિયાન મોડી રાત સુધી ગરબા રમવાની મંજૂરી આપતા ગરબા આયોજકોએ સરકારના આ નિર્ણયને આવકાર્યો છે. રાજ્યના એક ગરબા આયોજકે સરકારે આપેલી મંજૂરીનો યોગ્ય ઉપયોગ કરવા ગરબા ખેલૈયાઓને અપીલ કરી હતી.

પ્રાદેશિક સમાચાર/ વિરલ રાણા

---

## રાજ્ય વરસાદ

રાજ્યમાં છેલ્લા 24 કલાકમાં 32 જિલ્લાના 186 તાલુકામાં સરેરાશ 16.10 મિલીમીટર વરસાદ વરસ્યો હોવાના અહેવાલ છે. સત્તાવાર આંકડા અનુસાર, રાજ્યમાં અત્યાર સુધી મોસમનો કુલ સરેરાશ 136 ટકા વરસાદ નોંધાયો છે. આમાંથી સૌથી વધારે 185 ટકા વરસાદ ફક્ત કચ્છ ઝોનમાં, જ્યારે 145 ટકા વરસાદ સૌરાષ્ટ્ર અને સૌથી ઓછો 114 ટકા વરસાદ ઉત્તર ગુજરાત ઝોનમાં નોંધાયો છે.

રાજ્યની જીવાદોરી સમાન સરદાર સરોવર નર્મદા બંધ પણ અત્યાર સુધી 99 ટકા જેટલો ભરાઈ ગયો છે.

પ્રાદેશિક સમાચાર / વિરલ રાણા

---

## ગાંધીધામ રસીકરણ કેન્દ્ર આરંભ

ગાંધીધામ ઇન્ડિયન રેડ ક્રોસ સોસાયટી ખાતે વેક્સિનેશન સેન્ટરનો શુભારંભ થયો છે જેના ઉપક્રમે દર મહિનાના ચોથા શુક્રવારે બાળકોને વિવિધ વેક્સીન આપવામાં આવશે. જિલ્લા પંચાયત દ્વારા ખાસ આ કેન્દ્રને મંજૂરી આપવામાં આવી છે.જેમાં સરકારી પીએસસી, સીએસસી માં ઉપલબ્ધ તમામ વેક્સીન  બાળકો માટે ઉપલબ્ધ રહેશે. કચ્છ કલેક્ટર અમિત અરોરા અને ડોક્ટર ભાવેશ આચાર્યના હસ્તે આ વેક્સીન સેન્ટરનો પ્રારંભ કરવામાં આવ્યો હતો.

પ્રાદેશિક સમાચાર/ વિરલ રાણા

## મુંબઈ માતાના મઢ સાઇકલ યાત્રા

આદ્યશક્તિની આરાધના અને ભક્તિના પવિત્ર પર્વ નવરાત્રીના કચ્છ ધણીયાણી દેશદેવી માં આશાપુરા માતાના મઢે માથું નમાવવા દેશ દેશાવાર થી પદયાત્રીઓ અને સાયકલ યાત્રીઓનો પ્રારંભ થઈ ચૂક્યો છે ત્યારે છેલ્લા ૨૬ વર્ષ થી સાયકલ યાત્રા દ્વારા મુંબઈના ડોમ્બીવલી થી સાયકલ યાત્રનો પ્રારંભ કરાયો હતો.

પ્રાદેશિક સમાચાર/ વિરલ રાણા

---

## વિશ્વ હૃદય દિવસ ની ઉજવણી

આજે વિશ્વભરમાં વિશ્વ હૃદય દિવસની ઉજવણી કરવામાં આવી રહી છે. દર વર્ષે 29મી સપ્ટેમ્બરે, આ દિવસ હૃદયરોગના રોગો વિશે જાગૃતિ લાવવા અને વૈશ્વિક સ્તરે હૃદયના સ્વાસ્થ્યને પ્રોત્સાહન આપવા માટે મનાવવામાં આવે છે. આ વર્ષની વિષય વસ્તુ ‘યુઝ હાર્ટ ફોર એક્શન’ છે જે લોકોને તેમના હૃદયની સંભાળ રાખવા અને તેમના સમુદાયોમાં સ્વસ્થ હૃદય રહી શકે તેવા વાતાવરણને પ્રોત્સાહન આપવા માટે સક્રિય પગલાં લેવા પ્રોત્સાહિત કરે છે

દરમ્યાન જીલ્લા મથક ભુજ માં આજે વિશ્વ હૃદય દિવસ નિમિત્તે હૃદયોત્સવ, વોકાથોન અને સાયક્લોથોન યોજાઈ ગઈ,જેમાં મહિલાઓ, વરિષ્ઠ નાગરિકો, યુવાનો સહિત મોટી સંખ્યા માં શહેરીજનોએ ભાગ લીધો હતો.

પ્રાદેશિક સમાચાર/ વિરલ રાણા

---

## ભુજ હાટ હસ્તકલા પ્રદર્શન

મહિલાઓની કલાને પ્રોત્સાહિત કરવાના પ્રયાસ રૂપે ભુજ હાટ ખાતે માધાપરના પ્રગતિ મહિલા મંડળ દ્વારા 28 અને 29 નવેમ્બર એમ બે દિવસસીય પ્રદર્શન યોજાયું હતું આ પ્રદર્શનમાં 95 સ્ટોલ રાખવામાં આવ્યા હતા. જેમાં મહિલાઓ દ્વારા હાથ બનાવટની હસ્તકલા અને ગૃહ ઉધોગ ચલાવતી બહેનોને પ્રોત્સાહિત કરાયા હતા.

NP / વિરલ રાણા

---